**પ્રશ્ન- : જુવારની સુધારેલી ખેતી કરવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?**

જવાબ: એક કાપણી માટે: એસ.-૧૦૪૯ (સુંઢીયા જુવાર), સી.-૧૦-૨ (છાસટીયો), જી.એફ.એસ.-૩, જી.એફ.એસ.-૪, જીએફ.એસ.-૫ અને બહુ કાપણી માટે: એસ.એસ.જી.-૫૯-૩, જી.એફ.એસ.એચ.-૧, જી.એફ.એસ.એચ.-૩, જી.એફ.એસ.એચ.-૪, જી.એફ.એસ.એચ.-૫, એમ.પી.ચરી, પાયોનિયર એકસ-૯૮૮ જાતો પસંદ કરવી.

આમ તો જુવાર ચોમાસુ અને ઉનાળુ ઋતુમાં સારી થાય છે, પરંતુ અછતના સમયમાં સપ્ટેમ્બર માસ દરમિયાન વાવણી કરી શકાય. સુધારેલી જાતો માટે વિઘે ૧૦ કિ.ગ્રા. અને સંકર જાતો માટે ૫ કિ.ગ્રા. દર રાખી બે હાર વચ્ચે ૨૫-૩૦ સે.મી.નું અંતર રાખી વાવણી કરવી.

પ્રતિ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ/કેપ્ટાનનો પટ આપવો. એઝેટોબેકટર અથવા એઝોસ્પિરીલમ કલ્ચરનો પટ પણ આપી શકાય.

જમીન તૈયાર કરતી વખતે વિઘા દીઠ ૧-૧.૫ ટન છાણીયું ખાતર આપવું. સુધારેલી જાતો માટે હેકટર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન વાવણી વખતે તેમજ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન વાવણી બાદ ૩૦-૪૦ દિવસે આપવું. સંકર જાતો માટે વિઘા દીઠ ૭ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૧૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ વાવણી વખતે તેમજ વાવણી બાદ ૩૦-૪૦ દિવસે ૭ કિ.ગ્રા. યુરિયા આપવું.

બહુ કાપણી માટે ૧૪ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૭ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ વાવણી વખતે તથા વાવણી બાદ ૩૦ દિવસે ૯ કિ.ગ્રા. યુરિયા આપવું તેમજ પ્રથમ કાપણી બાદ ૯ કિ.ગ્રા. યુરિયા આપવું. જે જમીનમાં જસતનું પ્રમાણ ઓછું (૦.૫ પીપીએમ કરતાં ઓછું) હોય ત્યાં દર ત્રણ વર્ષે વિઘે ૪ કિ.ગ્રા. ઝીંક સલ્ફેટ આપવું.

નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ ૩૦-૩૫ દિવસે આંતરખેડ અને હાથ નિંદામણ કરવું. રાસાયણીક નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ બીજા દિવસે ભેજવાળી જમીનમાં ૧૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ એટ્રાઝીન દવા ઓગાળી છંટકાવ કરવો. વાવણી બાદ ૨૫-૩૦ દિવસે ૧૦ લીટર પાણીમાં ૪૦ મીલી ૨,૪-ડી (ઈઈ) દવા ઓગાળી છંટકાવ કરવાથી નીંદણો તેમજ આગીયાનું નિયંત્રણ કરી શકાય. કઠોળ પાકો સાથે જુવારનું વાવેતર કરેલ હોય ત્યારે વાવણી બાદ બીજા દિવસે ૧૦ લીટર પાણીમાં ૪૦ મીલી એલાકલોર દવા પ્રમાણે છંટકાવ કરવો.જમીન અને પાકની અવસ્થા ધ્યાનમાં લઈ ૧૦-૧૫ દિવસે ૪-૫ પિયત અને બહુ કાપણી માટે ૭-૮ પિયત આપવા.

એક કાપણીની જાતોમાં ૬૦-૬૫ દિવસે (૫૦% ફુલ અવસ્થાએ) કાપણી કરવી. બહુકાપણીની જાતોમાં પ્રથમ કાપણી ૫૫-૬૦ દિવસે અને ત્યાર બાદ ૪૦-૪૫ દિવસના અંતરે કાપણી કરવી. ૫૦% ફુલ અવસ્થાએ કાપણી કરવાથી સારો પોષક તત્વોયુકત લીલો ચારો મળે છે. મોડી કાપણી કરવાથી ક્રુડ પ્રોટીનનું પ્રમાણ ઘટે અને રેસાનું પ્રમાણ વધે છે. નીંઘલ પહેલાંની જુવાર, પાણીની ખેંચવાળી જુવાર અને બડઘા પાકના છોડમાં એચ.સી.એન. (હાઈડ્રોસાયનિક એસીડ)નું પ્રમાણ વધુ હોવાથી ઢોરને ખવડાવતાં મીણો ચડે છે.

એક કાપણીમાં વિઘે ૫૫ થી ૬૫ કિવન્ટલ અને બે કાપણીમાં ૧૦૦ કિવન્ટલ અને બહુકાપણીમાં ૧૨૫-૧૬૦ કિવન્ટલ જેટલું લીલા ચારાનું અંદાજીત ઉત્પાદન મળે છે.